# શિયાળાનું વિષાદ કાવ્ય

આ જીવલેણ ઠંડીમાં હાથની ત્વચા હમણાં ખરીને જમીનનો કચરો થઈ જશે એવું લાગે છે. જાણે મુઠ્ઠીમાં રેતી ભરી હાથ ઘસી રહ્યા હોઈએ. ગ્રીષ્મના આકરા તાપમાં જે હાથ નરમ લાગતા હતા એ અત્યારે ગેંડાની ચામડી જેવા બરડ બની ગયા છે. અર્જુનના પ્રહારથી ભીષ્મની કાયામાં ક્યાં ક્યાં તીર વાગ્યાં હતાં એનો નમૂનો મને ઠગી ગયેલી આ રુવાંટી આપે છે.

સાઉથ બોપલમાં સવારે જ્યારે પડખામાં બરફનો ટુકડો દબાવીને ચાલતો હોઉં. અને એનું હળવે હળવે નિસ્યંદન થતું શીત જળ આખા શરીરને ધ્રુજાવી દેતું હોય એવી કમકમાટી ઊપજી આવે છે. એના બાપની ધોરાજી હોય એમ મનફાવે ત્યાં પવન ઊડી રહ્યો છે. અપાર્ટમેન્ટના સિક્યોરિટીની કાણાંવાળી ટોપીમાં કોઈ આદિવાસીનું તીર બની કાનમાં ખૂંપી જાય છે. જેની પાસે પહેરવા સ્વેટર નથી એવી વિચરતી પ્રજાતિની ઉઘાડી છાતીમાં ઠંડા પવનની હથોડીઓ ધડિંગ... ધડિંગ... ઝીંકાય છે. ધરતીના પરિધાનસમી ધૂળને ઉડાવી મૂકીને તેનાં અનાવૃત સ્તનને ચુંબન આપે છે. મસ્તીએ ચડેલા શ્વાનોની કરામતનું અવલોકન કરી એ સળગાવેલા તાપણા સાથે રમત રમે છે. ઊંચા થયેલા ડોયામાંથી તપેલીમાં પડતું દૂધ જોઈ એને સ્વાદેન્દ્રિય ફૂટી નીકળે છે. તપેલીમાં પડતી દૂધધારને એ હળવેકથી ધક્કો મારી ખેસવે છે. જાણે ચાટીને હવામાં ઓગળી ગયો.

શિયાળાની એક બફર રાત જેવી સવાર મને યાદ આવે છે. જ્યારે ઠંડી સાથે સિંહનું ટોળું સીમમાં આટો મારી જતું. કવિબહેનની ખીલે બંધાયેલી ભેંસને ઠંડી કરતાં એ સિંહની ત્રાડની બીક વધારે ખાતી જતી. કવિબહેન તો આ ભેંસની ધ્રુજારીનું અર્થઘટન કંઈક એવી રીતે કરતી કે બચારીને ભારે

ઠંડી વાય છે, પણ વારંવાર નીકળી જતા એના મૂતરની પાછળ કયો વિશ્રંભ ભય છુપાયો છે તેની બુદ્ધિ વગરની કવિને કોઈ દિવસ ભનક ન પડી.

'ઘાયલ'ની ખુમારી જેવી એ ભેંસ બીકમાં ને બીકમાં 'મરીઝ'ના જામની જેમ ગળતી ગઈ. પાબ્લો પિકાસોની પીંછીનો અગમ્ય કસબ એની જીર્ણોદ્ધાર ઝંખતી કાયાના નિશ્ચિત ભાગ ઉપર કંડારાયેલો. એની ફાટી આંખોની કિનારીએ ચોંટી ગયેલી રજકણો, અમે એને માટી ભેગી કરવા આવ્યા છીએનું મરશિયું ગાતી હતી. માંસ જ્યારે અંદરનાં અકરાંતિયાં જીવડાં ખાઈ ગયાં હોય. એની આંખો, એની પીઠ અને એનાં સુકાઈ ગયેલા થાનેલાં ઉપર માખીઓનું ચોમાસું બેઠું હતું. એના ગુદાદ્વારમાંથી થાબડીનાં મોટા પેંડા જેવા બખ બખ પડવા જોઈએ એની જગ્યાએ પોદળાની પિચકારિયું વછૂટતી હતી.

પછી શિયાળાની એક સવારે હિરણ નદીની એક ચોક્કસ વેરાન જગ્યાએ એનું ક્ષતવિક્ષત મડદું જોયેલું. અપ્રત્યક્ષ દેખાઈ હતી મને એ, શિયાળામાં નરસિંહ ટેકરીના ખાડિયા વિસ્તારમાં એક ઉપર એક એમ ટૂંટિયું વળીને પડેલા કૂતરાઓના ઉદરમાં શાંતિથી પોઢેલી!

હું રોજ એના શરીરને અસ્ત થતું જોતો. અસ્ત થતું જોતો. અસ્ત થતું જોતો. અને એક દિવસ માલેતુજારના મકાનની દીવાલને શોભા આપવા સક્ષમ એનું વિશાળકાય શીંગડું હિરણની શોભામાં અભિવૃદ્ધિ આપવા શેષ રહી ગયેલું. હિરણના કોરાપટમાં એ શાનથી એવી રીતે પડ્યું હતું, જાણે ગીરની આ ધરાએ શીંગડાં ઉગાડતાં શીખી લીધું હોય.

ત્યારે તો અમને ક્યાં ખબર હતી, પણ મોટા થાઓ ત્યારે એક સાંધો ત્યાં તેર તૂટેની સ્થિતિ કેવી હોય એ માટે અમને નરસિંહ ટેકરીમાં બરફના ગોલાનો ધંધો કરતા ભાઈ યાદ આવ્યા. એની ટનટન વાગતી ટંકોરીનું ગળું રૂંધાઈ ગયું હોય. બરફની હત્યા કરવાના એની છરીના ઓરતા ઉપર શિયાળાની કોર્ટે સ્ટે લગાવ્યો હોય. એની મશીનરીએ નકોરડા ઉપવાસ રાખ્યા હોય અને એની રેંકડી શિયાળાના પવનના કારણે એના ઘરમાં જ્યાં ત્યાં અથડાઈ દીવાલનાં પોપડાં ઉખાડતી માથાં ભટકાવતી હોય.

કોઈને સુખ હોય તો એ ફક્ત હિરણ નદીનાં ટાઢાબોળ પાણીમાં તરતાં

માછલાંને. શ્રીબાઈ આશ્રમની બહાર લંગોટ બાંધીને એક સાધુમહાત્મા વિચરતાં ને વિચારતાં નજરે ચડતાં. એણે મંત્ર સિદ્ધ કર્યો હોય એવી અફવા ફેલાયેલી, અન્યથા લંગોટ પહેરેલા આ જટાધારી સાધુના શરીરથી શિયાળો બાર ગામ છેટો કેમ રહી જાય?

ભૂંડ અને કૂતરાઓ કોઈના ઘરની દીવાલ પાડી નાખવી હોય એવો ઊંડો ખાડો ખોદી શિયાળાની કાતિલ રાત્રિએ સીતાફળની દેહરચનાની જેમ એકબીજાને ચોંટી આરામ ફરમાવતાં. બ્રાહ્મણના ઘરની પછવાડે તો જાણે એમને સરકારે ઠેકો આપ્યો હોય એમ ખાડાને કૂવો કરવા લાગેલા. આ વાતની પ્રભુભજનમાં લીન રહેતા અમારા બ્રાહ્મણ પાડોશીને ખબર લાગી ગઈ. ખાડિયાનું ગંદું પાણી પોતાનાં દેહછિદ્રોમાં ભરી લાવી નરસિંહ ટેકરીના મનુષ્યોના નાકને પરાણે જુગુપ્સા ઉપજાવવામાં વરાહને અતિશય આનંદ આવતો. શિયાળાની એક દુષ્ટ સવારે અમારા ઇષ્ટપ્રેમી બ્રાહ્મણ પાડોશીએ ઠંડા પાણીની ડોલ હર હર શંભુના નાદ સાથે પેલા મૂંગા જીવ ઉપર રેડી દીધી. ગડગડતી હડી કાઢતા એ સૂર્યની શોધમાં ક્યાંક ભાગી ગયા! તે પાછા ક્યારેય આવ્યા જ નહીં.

રબારી અને આહીરના ઘરની વચ્ચે પડતાં ખાચામાં કૂતરી વિયાતી. સમીપ આવી સહાયતા કરનારાઓને વડકાં ભરતી એટલે રબારીએ એના શરીરને ઢાંકવા પોતાના ઘર ઉપરથી કોથળો ફેંકેલો. એવી માન્યતા હતી કે હોળી કાઢી જાય એ બચ્ચાં જીવે. શિયાળાના આક્રમણ સામે ન ઝઝૂમી શકનાર બાળશ્વાન છેલ્લે એ કોથળાને પોતાના દાંત વચ્ચે ભીંસી મરણપથારી કરી લેતું. નરસિંહ ટેકરીનાં છોકરાં તેની અંતિમક્રિયા કરવા કોથળાને ખેંચતાં. ભેગું ભેગું કૂતરું પણ ખેંચાતું. આખી નરસિંહ ટેકરીમાં એ ગંધાતું કૂતરું પોતાના શરીરની છાપ અંકિત કરતું જતું. ઠંડીએ ઠીંગરાયેલું એનું શરીર અને કકડાવી નાખેલા એના દાંત પર મરણ બાદ સ્મિતનું 'લેબલ' લાગી જતું. મૃત્યુની આ જ તો કમાલ છે! કેવી શાંતિ પ્રદાન કરે છે! કોઈ તોફાનિયો જીવ હિરણની એક જગ્યાએ તેનો છુટ્ટો ઘા કરતો અને એ પણ ત્યાં ઊંડા ખાડામાં કોથળા સાથે વીંટળાઈ પડ્યું રહેતું. એનો નશ્વરદેહ પણ કાગડા, જીવડાં અને ક્યારેક ક્યારેક શિયાળિયું ચૂંથી ખાતું. બજરબટ્ટું જેવા થઈ ગયેલા

અંધકારમાં શીતરથમાં બેસીને સૂનમૂન આવતો કાતિલ શિયાળો પણ તેના દેહને થોડો ખાઈ જતો હોવો જોઈએ.

શિયાળાની સાથે અમે દોટ લગાવતા. અને એ હરામખોર શિયાળો નજીકના મિત્રને હમણાં જ કાંધ દઈ આવ્યા હોઈએ એવી અમારી આંખ કરી નાખતો. ધૂળ સાથે ગઠબંધન કરી એ અમારા ગાલ ફાડી નાખતો. એક અદૃશ્ય છરીથી અમારા હોઠની ચામડીમાં મઝાનો ચીરા પાડતો. ઘરડાઓના જૂના ઘાને જીવતા કરવામાં એની મોજ બેવડાતી. આખી રાત ભરીને રાખેલું ઠંડા પાણીનું માટલું જ્યારે ગુરુકુળના છાત્રોની ઉપર ઢોળાતું ત્યારે તેની ખુશીનો પાર ન રહેતો. હિરણ નદીના શીતળ જળમાં મિત્રને ધક્કો મારવાનું કારસ્તાન ઘડીયે અને જ્યારે એ કારસ્તાન તેના અંતિમ પર આવે ત્યારે શિયાળો હરખાતો. એ પેલા મિત્રને પાણીની અંદર રહેલી પોતાની બંને અસીમ ભુજાઓથી આવકારતો ઝીલી લેતો. પાણીમાંથી બહાર નીકળતા એ મિત્રની શકલ ગયા વર્ષનાં શ્રાવણના મેળામાંથી ખરીદેલા વાજિંત્ર વગાડતા વાંદરા જેવી થઈ જતી. એ ધ્રૂજતો. એના હાથમાં મંજીરા આપી દઈએ તો સુંદર ધ્વનિ કાઢી શકવા સક્ષમ ધ્રૂજતો.

આ કાતિલ શિયાળો ઘડીએ ઘડી પેટમાં ઉંદર દોડાવતો. રસોડામાં મારી બાનું કામ વધારી દેતો. અમે એટલું ઠૂંસતા કે બાપુજીની અર્થવ્યવસ્થાની ગાડી પાટા પરથી નીચે ઉતારી નાખતો.

સાઉથ બોપલમાં સનસિટી પાસે આવેલી જયરામની ચાની દુકાને જઈ ઊભો રહું તો ચંચળ મનને ઘડીક થઈ જાય કે આ ઊકળતી ચાના ગરમ ગરમ તપેલાને હાથ અડાડી લઉં. એ તો અશક્ય છે, પરંતુ હમણાંથી નવસર્જન પામી રહેલા રોડની બાજુમાંથી ચાલતો જઈ તેની ઉષ્ણતાને શરીરમાં અથડાવવાનો લહાવો લઉં છું. દેખાય છે મને નખ્ખોદિયા શિયાળાના કારણે મોડો ઊગતો અને વહેલો આથમી જતો સૂરજ. ગમે છે એની એક વસ્તુ કે એ કોઈના શરીરથી અભડાતો નથી.

# બાંશી નામની એક છોકરીની રૂપકથા

ગીરના એક ચોક્કસ વિસ્તારનો સૂનમૂન રસ્તો જે હમણાં હડપ કરતો બેઠો થઈ જશે. શાળામાંથી પાંચ વાગ્યે છૂટવાનું ટાણું થઈ ગયું છે. સફેદ શર્ટનાં ખિસ્સાંઓમાં સ્કૂલના પ્રાંગણની થોડી રેતી ભરીને, મેલાંઘેલાં કપડાં સાથે, શર્ટ પર ઇન્ડિપેનનાં કલાત્મક ડાઘા સાથે, તૂટી ગયેલાં દફ્તરોમાં થાકીને લોટપોટ થઈ ગયેલાં પુસ્તકો સાથે અમે નીકળીએ છીએ. પલ્લો થોડો લાંબો છે એટલે વાત કરવા માટે કંઈક તો જોઈએ? તો શું વાત કરીએ! હમણાં ખખ્ખરસાહેબે અડધો ભણાવેલો અને પછી રૂપારેલિયાસાહેબે બાકીનો પૂરો કરેલો પાઠ. પછી પ્રશ્નોતરીકાળ શરૂ થાય. જેમ હરિયો ભણવામાં ઠોઠ, એમ અમે બધા ભણવામાં થોડાઘણા ઠોઠ જ!

ઈંટોના સાત રંગ! હરિયો! હિરણ નદી આવે છે. એક મોટી પાળ છે. નીચે ચોમાસાનું ગઈ કાલે ઓસરી ગયેલું પાણી આજે થોડું વધારે ઓસરી ગયું છે. ચાલતાં ચાલતાં ઈંટોના સાત રંગની વાત પાળની ઉપર મૂકતા જઈએ. અને આ પાળ પણ ક્યાં ઈંટોની છે, એ તો ભૂખરા બેલાની ચણેલી છે.

ગીરમાંથી એક મોટા શહેરમાં જઈએ. લાઇબ્રેરીમાં નવું નવું ખોલાવેલું ખાતું અને ચોપડા ફંફોસીએ. કંઈ કરતાં કંઈ સૂઝબૂઝ પડે નહીં. મહિનાઓ પસાર થયા પછી એક પુસ્તક હાથમાં આવી જાય. એની ઉપર એક સ્ત્રીનું ચિત્ર. શામળી સ્ત્રી. ચંદ્રકાન્ત બક્ષી લખતા ને વખાણ કરતા ને એમને ગમતી એવી. એના હોઠ ગુલાબી. એની આંખોમાં આંજણ આંજેલું. કોઈ સફળ ચિત્રકારે દોર્યાં હોય એવા કમાનાકાર નેણ. કાનની બૂટની પાછળ વાળનો એક જથ્થો, છુપાયાનો ડોળ કરતો. નીચે લખેલું મધુ રાય અને ઉપર લખેલું રૂપકથા!

યાદ કરવા ધમપછાડા મારીએ. બરાબર યાદ આવે નહીં, પણ એકાએક

નરસિંહ ટેકરી

પાછા ગીરમાં ચાલ્યા જઈએ. ક્લાસરૂમનો બાંકડો જેની ઉપર ભાતભાતનું ચિતરામણ કરેલું. કોઈએ તો ઈંટોના સાત રંગના આ સવાલ પુછાશે જ અને મારો નંબર આ બાંકડા પર જ આવશે તેવી જડગ્રંથિ બાંધી રાખી તેની ઉપર કાળા રંગની બોલપેનથી આછું આછું લખી નાખેલું. એમાં એણે કંઈક એવું પણ લખેલું કે 'ઈંટોના સાત રંગ' કૃતિ કયા સંગ્રહમાંથી લીધેલી છે? તો કે રૂપકથામાંથી! બસ, લાઇબ્રેરીમાં હાથમાં આવેલી ચોપડી તે આ રૂપકથા.

પછી એકસો ને એકત્રીસ નંબરનું પાનું ઊઘડે. ત્યાં માથે શીર્ષક 'ઈંટોના સાત રંગ'. હરિયાનું વિશ્વ પણ અલગ અલગ. કાનમાં પણ હરિયો આવે અને પાછળથી મળેલા ને બાદમાં વસાવેલા કાલસર્પની કઉતુકમાં પણ હરિયો આવે. ઊંટમાં પણ હરિયો અને મકાનમાં પણ હરિયો. હરિયાનું બહુ-આયામી વિશ્વ! હમણાં હમણાં આંગ્લ ફિલ્મો એના વિશે કયો શાસ્ત્રીય શબ્દ પ્રયોજે છે? મલ્ટિવર્સ!

'મધુ રાયનું બીજું કંઈ છે?' પટ્ટાવાળાને પૂછીએ અને એ થોડો અકળાય. ઊંચાઈ એટલી નહીં, પણ પગની પાની ઊંચી કરી ત્રાટક કરે, એને આઝાદ ચોકમાં ઊછરેલા મચ્છર બહુ કરડે. એને મચ્છરની પાંખોનો અવાજ પણ સંભળાય, 'એક છે, પણ એ તમને નહીં સમજાય.' એ કાન ખંજવાળતો કહે.

'શું છે?'

'બાંશી.'

'તો આપો, છોકરીઓને સમજવાની તો આમ પણ મારામારી ચાલે છે!' 'બાંશી નામની એક છોકરી' રિન્યૂ કરીએ અને પટ્ટાવાળો સાચો લાગે કે આ એમ ન સમજાય. પછી 'બાંશી' વંચાતી જાય. જ્યોતિષ જેમ હાથ વાંચે એમ. અડધી સમજાય અડધી દુર્બોધ લાગે.

ભણવાના છેલ્લા દિવસો છાત્રાલયમાં છે. લખવાનું અમનેય શેર લોહી ચડ્યું છે. મળસકે ઊઠીએ છીએ - મયલા ચાવાળાની ચા પીએ છીએ - પૈસા બાકી રાખીએ છીએ - છાપાંવાળો આવે - બે અંગ્રેજી ત્રણ ગુજરાતી અખબાર નાખે - દસ વાગ્યે તૈયાર થઈએ - અત્યારે ગુજરાતીના અધ્યાપક બની ચૂકેલા જિજ્ઞેશભાઈ સાથે ભવન જઈએ - એ ગુજરાતી તરફ, અમે પત્રકારત્વ તરફ

- વચ્ચે બચેલા સમયમાં લાઇબ્રેરીએ જવાનું થાય છે...

ને યુનિવર્સિટીની લાઇબ્રેરીમાંથી 'બાંશી' આવતી જાય છે, અડધી સમજાય છે અને અડધી સમજાતી નથી. સાંજ અને રાતની વચ્ચેના ખાલી સમયમાં વરસાદ આવે છે! કોઈ પ્રેમમાં પડે છે અને હૉસ્ટેલના ચોવીસ નંબરના રૂમ પર આવી આખિયાત વાત કહે છે. એક રૂમમાં એક વ્યક્તિ એવી હૉસ્ટેલની જાહોજલાલીવાળી સગવડ. એમાં હું એક નથી. બાજુના રૂમનો કોઈ મિત્ર પણ ટેબલ પર અધિકાર જમાવી બેઠો છે. એટલે અમે ત્રણ છીએ. એ પ્રેમમાં પડ્યાની વાતો કરતો જાય છે. એમાં આસ્તિકતાવાદ ઉમેરાય. વરસાદ ઘેરાય અને રૂમમાં અંધારું ગોથાં ખાતું આવવા લાગે. અડધી રાત્રે જેની પાંખો રૂમમાં પરજેપરજા થઈ જવાની છે એ અડાબીડ મંકોડા પણ આવે. નળગોટા જેવી ઉંદરડી તો ક્યાંક લપાઈને જ બેઠી હોય. અંધારાને મારવા ટ્યુબલાઇટ કરીએ. લબકઝબક થાય. જોરથી સ્વિચ દબાવતાં ઓરડામાં ભળકડું થઈ જાય! ફરી સર્‌રિયાલિઝમની વાતો શરૂ થાય.

વરસાદથી બારીના સળિયામાં ટીપાં વ્યવસ્થિત ગોઠવાઈ ગયાં હોય અને એ રીતે જ વ્યવસ્થિત પ્રેમની વાતો પ્રેમમાં પડેલી વ્યક્તિ મૂકતી જતી હોય. એ ઉમેરે, 'સ્નાતક થયા પછી એ કોઈ બીજાને પરણી જશે ને એક દિવસ અચાનક સામે મળશે ત્યારે શું થશે? હેં... શું થશે?'

'આ ક્યાંક સાંભળ્યું છે!' મનમાં શબ્દો ગોઠવી બોલું, 'પણ ક્યાં?'

ને યાદ આવી જાય બાંશી નામની એક છોકરીના એ શબ્દો, 'અડધા અંધકારમાં પથારીમાં પડ્યા પડ્યા હું વિચારતો હતો... બાંશી આ વર્ષે ગ્રૅજ્યુએટ થઈ જશે. કોઈ ઘોષ-બોઝ-બેનરજીને પરણશે...'

કેટલા ખોટા હોય છે પાઠ્યપુસ્તકમાં આપેલા લેખકના પરિચયો, કે મધુ રાય ફૅન્ટસી લખે છે!

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અંગ્રેજી ભવનમાં એના લેખકને સાંભળવાનો લહાવો મળે છે. લેક્ચર બંક થઈ શકે એમ નથી. સેમિનાર આપવાનો છે અને ફરજિયાત હાજરી પુરાવવાની છે. જેમ બાંશીમાં આવે છેઃ 'હાજરી પંચોતેર ટકા હોય તો જ બેસવા દે. શું થાય...'

બાંશીકર્તા ત્યાં પ્રવાસપ્રિયા પ્રીતિ સેનગુપ્તા પાસે બેઠા છે. મોઢામાં કંઈક ચાવ્યા રાખે છે. એમના હાથ નમસ્કાર મુદ્રામાં છે. જૂનાગઢમાં પડેલા પુસ્તકનેય એમના હસ્તાક્ષરથી શરીરમાં ટેટુ કરવાની ખંજવાળ છે. ઝંકૃત ઝંખનાનું ખાંપણ મનેકમને ઓઢી લેવું પડે છે. મળવાની એષણા પંદર ડગલાં છેટી છે, પરંતુ સેમિનાર આપવા પાછા ફરવું પડે છે. એ કંઈ બોલ્યા નથી. શાયદ પાછા ફરીએ ત્યારે બોલશે એમ માની ભવનમાં ચાલ્યા જઈએ છીએ અને પાછા ફરીએ છીએ ત્યારે પડછાયો ઓઢીને સુલેમાન રોશનઅલી વાર્તામાં આવે છે એવો સંવાદ કાને પડઘાય છે, 'આપણે બધાએ અહીંથી ભાગી જવું જોઈએ.'

બધા ભાગી ગયા છે. ખંડ ખાલી છે. ખુરશીઓ દોઢ કલાકના અથાગ શ્રમ બાદ ટચાકિયાં ફોડી ટટ્ટરા મુદ્રામાં બેઠી છે. અમે હૉસ્ટેલ પાછા ફરીએ છીએ.

અમારી સભામાં 'સભા' વિશે વાત થાય. 'સભા' સરળતાથી મળી ગઈ હતી. 'સભા'ને લેવા કોઈ ટોળે નહોતું વળ્યું. 'સભા' વંચાય છે. 'કુમારની અગાશી' વાંચવાની ઇચ્છા સળવળે છે. મળતી નથી. 'કુમારની અગાશી'નો ક્યાંકથી મેળ કરો એવી અમદાવાદી મિત્રના કાને વાત નખાય છે. એવામાં એ મિત્રના અને અમારા પણ પ્રિય લેખકનું અવસાન થતાં એમના ચોપડાઓ તેમના વાચકોને આપવાનો નિશ્ચય પરિવારજનો કરે છે. મિત્ર જાય છે ત્યાં સુધીમાં એ દિવંગત લેખકના કબાટમાંથી કોઈ હાથમાં 'કુમારની અગાશી' લઈ જમીન પર બેઠું છે. એ ફોન કરી એ પીડાદાયક વાત રજૂ કરે છે. પછી શું ફેર 'કુમારની અગાશી' અને સભામાં? એમ કહી મન મનાવવાનું. યોગેશ પટેલ અને અમારી વેદના એકસરખી જ તો!

તો... એક સોમવારે, અંગ્રેજી નૉવેલના તડકા હેઠળ રજાઈથી ઢાંકેલા અંધકારમાં આવું કશુંક યાદ આવે છે, ઇમારતની નીચે પાનકોરના નાકે જતાં હથેળીઓ વચ્ચે રૂંધાતી હવા, ચ્યુમ્મબન્ન લે છે ત્યારે ખબર પડે છે કે વરસાદના દિવસો ગયા! વૃશ્ચિક રાશિની એક કન્યા યાદ આવે છે. એક આબેહૂબ એના જેવી દેખાતી કન્યા સામેથી પસાર થાય છે. ત્યારે થાય છે કે કુમુદ આજે તારું નામ સલોની છે... એમાં પેલી વૃશ્ચિક રાશિની કન્યાનું નામ ઉમેરી 'ખો' આપી દઉં. આ તો કોઈ અજાણી રૂપકથામાં ડૂબી જઈને વટલાવા જેવો કિસ્સો છે!

# વરસાદને વરસાદનું શીર્ષક ન આપો

બહાર નીકળી શરીરને થોડું મોકળું કરવાની અમને તૃષા હતી. આમ તો ગઈ કાલનો ઉજાગરો આંખનાં પોપચાંમાં ઊંઘતો હતો. ભારત વિશ્વકપ જીતેલું એનો રોમાંચ અને પછી અમારે કેટલાક મિત્રોને મળવાનું હતું. થાક પણ શરીરના ખૂણેખાંચરે અજગરની જેમ ટૂંટિયું વાળી સૂતેલો. ક્યારેક ક્યારેક ટચાકાના સ્વરૂપે એનો સબાકો નીકળી ઓગળી જતો. અળસિયાની ચાલ જેવી આળસની બાચકીઓ અમારા શરીરમાં જ્યાં ને ત્યાં લદાયેલી. પણ જેવા ફરી મળ્યા કે એ બધું લુપ્ત થઈ ગયું.

■

એક કામ પતાવેલું. મૂળ તો એ જ એક કામ અને પછી સમય વધતાં પરિષદ અને પાર્શ્વ પબ્લિકેશને લાંબા થયેલા. ત્યાં પુસ્તકો પર ફેરવેલા હાથમાં પાઠ્યપુસ્તકમાં હોય એવી સુગંધ ચોંટી ગયેલી. કદાચ ભૂતકાળમાં નાકે ચાખેલી એ તરબતર કરી દેતી સુવાસે જ અમને પુસ્તકો અને સાહિત્ય તરફ વાર્યા હશે!? એવી એકાએક વિચારોની ફોડલી ફૂટી અને થોડી પીડા પણ થઈ. ખૂબ ગમતું અને છૂટી ગયેલું ગુજરાતીનું ભણતર યાદ આવ્યું. પાઠ યાદ આવ્યા. મેઘાણી, પન્નાલાલ, અનિરુદ્ધ, રતિલાલ... કેટલાય વિદ્વાનો વિચારોમાં એક પછી એક એમ આવી ગોઠવાયા, પરંતુ ગઈ કાલના તડકામાં જે જે ઠેબ ખાધેલી એને તો હજુ રહસ્યગર્ભમાં રાખવાની છે. એના પ્રસવને કિંચિત્ સમય બાકી છે. એની ગર્ભનાળ તોડવાને હજુ વખત છે.

■

નરસિંહ ટેકરી

ગાંઠિયા ખાઈ અમે તો નીકળ્યા સાઉથ બોપલની ભૂમિમાં ભમવા. બહાર નીકળીએ ત્યાં આકાશમાંથી અત્યાર સુધી ન વરસેલા વરસાદે મોંમાં ભરી રાખ્યો હોય એવો કોગળો કર્યો. અમારા પગે અમારા શરીરને ભીંજાતાં અટકાવ્યા, પરંતુ મન તો ત્યાં પહોંચી ભીંજાઈ જ ગયેલું. અપાર્ટમેન્ટની બહાર નીકળવા થનગનતી અમારી સ્પૃહાને આ નૈસર્ગિક અકસ્માત નડ્યો.

નીલેશના વિચારને અનુમોદન આપી ઘડી વાર માટે સોસાયટીના કૉમ્યુનિટી હૉલમાં બેઠા. પવન ક્યાંક પતંગની જેમ અટવાયો હતો. કોગળો ભરવા વરસાદે થોડો વિરામ લીધો એટલે અમે ચાલવા લાગ્યા. ઔડા ગાર્ડનની અંદર આવેલી ચાવડીએ જઈ બાંકડા પર બેઠક જમાવી. આ મહિને તો ભૂરા આકાશમાંથી વરસાદનું કાળું બારણું ખૂલતું અને એનાં કમાડ તાત્કાલિક વસાઈ જતાં. સૂર્યનું મસાલિયાનું ડબ્બું ઊઘડતું અને હળદર જેવો તડકો ઢોળાઈ જતો. એની હળદર ખૂટી ગઈ, પણ ઉકળાટ નહીં. ઉકળાટ વરસાદ પડ્યા પછી પણ અમારા શરીરની રુવાંટીઓને અમારું જ પાણી લઈને પાતો હતો.

થોડી વાતો થઈ ત્યાં તો ફરી વરસાદ ત્રાટક્યો. આ વખતે એને કોગળાની ઉપમા ન અપાય. આ તો સાંબેલાધાર. ધોધમાર. મુશળધાર. દૂર દેખાતી ઇમારતો પર વાદળોનું અતિક્રમણ થઈ ગયેલું. વાદળોનાં લૂગડાંમાં નાનાં-નાનાં કાણાં પડ્યાં. છાંટા એમાંથી જગ્યા બનાવતાં, ધક્કામુક્કી કરતાં નીચે પડવા લાગ્યાં. જાણે ઈશ્વરદર્શન માટેનું બારણું ન ખૂલ્યું હોય.

વરસાદની સાથે ગઈ કાલની અમારી સ્મૃતિઓ વાગોળતાં એ પણ ભીંજાતી જતી હતી. એના ઉકળાટનો પણ લોપ થતો. અમને તો ક્યાં ખબર હતી કે મેઘરાજાની સહસ્રભુજાએ પ્રત્યંચા બરાબરની તાણી છે. એના ધનુષની પણછમાં બાણની જગ્યાએ ટીપાંઓની ધાર છે. વરસાદ પડ્યો એટલે અમે બેસેલા એ બાંકડાની પીઠ ભીંજાવા લાગી. કદાચ અમે જ એના આનંદમાં વિક્ષેપ પાડી રહ્યા હોઈશું. અમે ઊભા થઈ ગયા. વેરિગેટેડ કેવડાની ઉપર પ્લાસ્ટિકની તૂટેલી પાઇપમાંથી પડી રહેલો ધોધ બોગનવેલની દિશામાંથી થઈ જમીનમાં ચકાકાર રચતો લસરતો હતો. ત્યાં ધરતી પર ત્રિ-સંગમ થયો. ઔડા ગાર્ડનની કાળી માટીએ વહેતાં વરસાદી પાણી વચ્ચે જગ્યા લીધેલી. એની બાજુમાંથી વરસાદનું ચોખ્ખું પાણી થઈને જાય. તો અમે જ્યાં ઊભેલા

ત્યાંથી ધૂળની ઢગલીઓએ પાણી સાથે ભળી કંઈક નવી જ ધજાકૃતિ બનાવેલી. વરસાદી ઉત્સવમાં આ દશ્ય તો અમારા ચિત્તને પ્રસન્નતા આપે એવું.

બહાર આટલો વરસાદ છતાં ગળામાં સૂર્યે પલાંઠી વાળેલી. એનાં કિરણો અમારી જીભ અને ગળામાં સતત વાગતાં હતાં. અગાઉ પાણીની બે બૉટલો પતાવેલી અને ઉકળાટે શરીરના ખૂણે ખૂણેથી તેનું નિસ્યંદન કરી નાખેલું. આજુબાજુ આટલી ભીનાશ અને તોય ગળામાં તો સૂર્યફૂલ જ ઊગી નીકળેલું. અમારી અસ્ખલિત વાતોથી ક્યારે એનું વાવેતર થઈ ગયું ખબર જ ન રહી.

પીયૂષ અને બાદલની બાજુમાં એક વીજળીનો ગોળો. એ કાચના ગોળાની આસપાસ ચોંટીને લસરી જતી પાણીની આંખો એકધારી તાકતી હતી. કેટલીક તો સજ્જડ થઈ ચોંટી ગઈ હતી. જાણે આ અજાયબી હોય. આખી રાત ઝળહળતા આ પ્રકાશપુંજે દિવસે વરસાદ પીધો. રાતના સતત રહેતો એનો ગરમ કોઠો પણ ઠંડો થયો હશે.

'વરસાદના તો કેટલાય નિબંધ લખાયા, નહીં?' નીલેશ પૂછે અને પછી મજાકમાં કહે, 'હું તો કહું વરસાદના નિબંધોને વરસાદનું શીર્ષક જ ન આપવું. વાંચતાં પહેલાં જ ખબર્ય પડી જાય કે વરસાદનો જ નિબંધ છે.'

'તોય અપાઈ જાય...' હું કહું અને પછી ઉમેરું, 'પરોઢ પછી વરસાદ અને...' વરસાદ અમારી આંખ આગળ હોય એટલે મહેન્દ્રભાઈ આંગળી પકડી જ લે. વાતોમાં ટીપાંની જેમ વણાવા લાગે. સુરેશભાઈ પીઠ પાછળ ધબ્બો મારી બાજુમાં ઊભા રહી જ જાય. ભીંજાતા બાંકડા પર બેસી ગયા હોય કાલેલકર. ત્યારે વીનેશભાઈના પાંચ વરસાદની જગ્યાએ યાદ તો પ્રિયજનની જ આવે! અમે પ્રિયજનની થોડી વાત કરીએ. એ વાતમાં વરસાદ જેમ ધરતીને ધુએ એમ અમારું હૃદય ધોવાઈ જાય. અને એ બધાની વચ્ચે ક્યાંક જગ્યા લઈ લે યજ્ઞેશભાઈનો અપૂર્વ પૂર્વમેઘ!

ઘેર જવાની તો અમે ભારે કોશિશ કરીએ, પણ વરસાદ જાણે એક્કો કે દૂડી ખદબદિયા કરીને અમારી પિદૂડી લેતો હોય એમ જવા ન દે. આકાશમાંથી ત્રાંસી-બાંગી ત્રૂટક ત્રૂટક લીટીઓ પાનખરની જેમ ખર્યે રાખે. એક એક વૃક્ષનાં પાંદડાંનાં માથાંઓ ભીંજાતાં નૃત્ય કરતાં હોય. હાથીના કાન જેવાં પાંદડાં

ધરાવતા વૃક્ષને અમે ખાખરો સમજી બેસવાની ભૂલ કરીએ. નીલેશ અમારા જ્ઞાનને ટપલી મારે. દેખાય તો એવું જ. ત્યાં બાજુમાં જઈએ તો કંઈક ભાળ પડે કે એની ફઈએ એનું શું નામ પાડ્યું? વરસાદ જ એટલો કે ત્યાં તકતી સુધી જવાની હૈયામાં હામ નહીં. ભીંજાવાની એષણા તો સખત પણ અમારે અહીંથી કોરેકોરા બીજે પણ ક્યાંક જવાનું હતું.

અમે ભવિષ્યવેત્તા બનેલા. હમણાં રહી જશે એવી કપોળકલ્પના કરતાં હતા, પણ શું કરવું? કોઈ કવિની સંવેદનાઓની બારી ખોલી નાખતો વરસાદ ધીમો પડ્યો જ નહીં. અમે વરસાદની સાથે કંઈકના કંઈક ચેનચાળા કરતા હતા. પહેલાં તો અમે હથેળીને ચાવડીના છજાની બહાર છૂટી મૂકી. અમારી હથેળીની રેખાઓ એટલે નદીઓ. આ નદીઓ સુકાઈ ગયેલી. થોડું પાણી પીતાં જ એના કિનારાઓ છલકાઈ ઊઠ્યા. ક્ષિતિજ તરફ આકાશ તો માટલાની અંદર ડોકિયું કરો એવો ગોરંભાઈલો. એમાં ક્યાંક ક્યાંક સફેદ ડાઘા હતા. આવા ભૂતિયા વરસાદી માહોલમાં મેં બાદલને સ્ટીફન કિંગની IT નવલકથાની વાત કરી, કે કેવું ભયાનક છે એનું આરંભનું દશ્ય. પડી રહેલા વરસાદમાં બીમાર ભાઈએ બનાવી આપેલી હોડી લઈને છોકરો ગમ્મત કરવા નીકળી પડ્યો છે અને ત્યાં પેલો પેનીવાઇસ ડાન્સિંગ ક્લાઉન એને અને એની હોડીની ગમ્મતને ખાઈ જાય છે. બાદલે તો ફિલ્મ પણ નહોતી જોઈ એટલે એની મોટી આંખોમાં આ આખી વાત સાંભળી થોડું આશ્ચર્ય ઊભરાયું.

વરસાદ પડતો જાય અને છાતીમાં સાચવી રાખેલી વાંચવા લખવાની ગર્ભિત વાતો પણ નીકળે. આ વરસાદી ઋતુ છે જ એવી. એ ક્યારે અટકે એની પ્રતીક્ષામાં આવી વાતો ઓકાઈ જાય છે. ક્યારેક લખવાની જેમ વાંચવામાંથી પણ સંન્યાસ લેવો. એની પ્રત્યેના અપ્રતિમ અનુરાગથી થોડાં વિખૂટા પડીએ તો વળી થોડો પ્રેમ કરવાની મજા આવે. પ્રેમની સતત ભરતી સારી નહીં, ક્યારેક એમાં ઓટ પણ જોઈએ. એક અંતરાલ બાદ ઊર્મિઓ તાજી થાય. શબ્દો પાછા વરસાદમાં નાહીને જે તાજગી ને હૂંફ મેળવીએ એવાં હોય. આવો વિરામ લેતાં રહેવો. બ્રેક-અપ પણ કહી શકો. તોય એ સમયે કોઈ કળી ન જાય એવી પેલી નિરીક્ષણની ટ્યુબલાઇટ ચાલુ રાખવી.

દોઢ કલાક પછી વરસાદ હાંફ્યો. ફરી શરૂ થાય એ પહેલાં અમે ભાગ્યા.

ગઈ કાલની જેમ જ આજે પણ કાર બુક કરી. કાર આવી ગઈ, પણ ગાર્ડનની આગળ કોઈની કૃપાથી નાનકડું તળાવ ભરાયેલું. જ્યાં અમારા ઘૂંટણ સુધ્ધાં કેદ થઈ જાય. અમે ત્રણે તો સામેથી નીકળી ગયા, પણ પીયૂષને કશુંક નવું કરવાનું મન થયું. એ પોતાનું પૅન્ટ ન પલળે એટલે ગાર્ડનની દીવાલને પકડીને ત્યાંથી નીકળવા માટેનો વ્યાયામ કરતો હતો, પરંતુ ત્યાં તો અહીં ભરાયેલા પાણી કરતાં પણ થોડું ઊંડાણ! તોય એ કોઈ આખેટકની અદાથી નીકળી ગયો. એના આ વૃથા પરિશ્રમ પર અમે હસ્યા!

હેમખેમ અને છેલ્લે તો ભીંજાતાં જ અમે ઘેર પહોંચ્યા. કલાકો સુધી ધોધમાર વાતો કરી. આકાશ થોડું ઊઘડ્યું. શેરીમાં આવ્યા તો વાછટનાં છૂટાં તીર વાગતાં હતાં. મેં મિત્રોને વરસાદ સાથે વિદાય આપી ત્યારે ચહેરા પર સ્મિત અને આંખમાં થોડો વરસાદ હતો.

# વૃક્ષનો ખાંધિયો

પ્રિય...

હમણાંથી તું સાઉથ બોપલમાં નથી. અહીં વૃક્ષોના ઉત્સવની શરણાઈ વાગવા લાગી છે. પવન પીઠી ચોપડી રહ્યો છે. સવારનું અંધારું પણ મધુરજની જેવું લાગે છે અને તારકવૃંદ જ્યારે જાનૈયાં બન્યાં હોય.

સવારમાં ઊઠીને જ્યાં ચાલવા જાઉં ત્યાં કમોસમી પાનખર આવી હોય એમ પાંદડાંઓ ખરવા લાગે. બે-ચાર પર્ણોને તો મારા સફેદ થઈ રહેલા કેશે ઝીલ્યાં. અડધા રસ્તા સુધી ખબર ન પડી, પણ જ્યારે ચાની દુકાને ઊભો રહ્યો ત્યારે દર્પણમાં જોઈ એને ખંખેરી નાખ્યાં. ભેરુઓથી છુટ્ટાં પડ્યાની વ્યાકુળતાનો એમને ડંખ તો હશે જ. મને અપશબ્દો ભાંડતાં હશે, પણ હું શું કરું? આ જાત્રા તો એમણે હાથે કરીને વહોરી હતી. અને મેં તો અનાયાસે માથે પડેલું આ વસુદેવકૃત્ય નિભાવ્યું હતું. મારા માથા પરથી ખંખેર્યાં એટલે રસ્તામાં અને મ્યુનિસિપલવાળાં પેલાં બહેને પોતાના લાંબા સાવરણાની સહાયતાથી ધોલાઈ કરી, નાખ્યાં કચરામાં. ઘરરર કરતી ગાડી આવી અને લઈ ગઈ. મને તો નહોતી ખબર કે એમને નર્કમાં જવા પણ આટલી લાંબી યાત્રા કરવી પડશે.

આપણે એક જ જગ્યાએ શ્વાસ લેતાં હોવાથી અમદાવાદની વરસાદી ઋતુ વિશે તો તું અવગત હોઈશ જ. તારી કાચની બારી પાસેનો મેઘ અને મારો મેઘ થોડો જુદો છે. તને ફક્ત જોતાં આવડે છે અને મને એમાં ડૂબી એકાકાર થતાં. એય હમણાં થોડાં વર્ષોથી જ શીખ્યો છું.

બીજી-ત્રીજી મેઘવૃષ્ટિએ તો આપણા માર્ગો ચામડીની જેમ ફાટી જાય છે. તૂટી પડેલા ઇલેક્ટ્રિક વાયરો તો જ્યારે ઉર્વરાની નાભિમાંથી ફૂટેલા કોંટા.

ગટરોનાં ઢાંકણાં તો હમણાંથી નવાં નખાયાં છે, નહીંતર જૂનાં ઢાંકણાંથી તો તું માહિતગાર હોઈશ જ. જરા અમથો વરસાદ પડ્યો નથી ને રસ્તા તરણહોજ બની જાય. વૃક્ષોની ગરદન લચી પડે અને વાયરના ટટ્ટાર છેડા તો જાણે વધૂના ગળાનો હાર હોય એવું સ્વરૂપ અખત્યાર કરી લે. વૃષ્ટિનું જોર ઓછું પડે એટલે ઢાંકણાંઓ ઊઘડે અને આખા સાઉથ બોપલનું પાણી ગળચી જાય. પછી બંધ કરવાની તસ્દી ઓછી લેવાય. છેલ્લા ચોમાસે તો લીધેલી એ હું કાન પકડી સ્વીકારું છું.

વાત તો મારે વૃક્ષોની કરવી હતી. મને આ વૃક્ષો પ્રત્યે જરા પણ માયા નથી. વચ્ચે એક વખત લખવાનું બન્યું હતું ત્યારે તું જે રસ્તેથી પસાર થાય છે ત્યાંના વૃક્ષલોકને પકડ્યો હતો. થોડાં સંભારણાંઓ શાકભાજીની રેંકડીવાળાએ થેલી સાથે ભરી આપ્યાં હતાં. આ મૂંગાં વૃક્ષો અને તેની રચના મારી આંખો સમક્ષ તેની પર્ણભાષામાં કંઈક ઉચ્ચારણ કરી રહી હતી. લખાયું પણ ક્યાંય પ્રકાશિત ન થયું. પછી તો સમય વીતતો ગયો. અને આજે મારી આંખની પ્રદક્ષિણા કમોસમી પાનખર સુધી પહોંચી ગઈ છે.

સાઉથ બોપલમાં ગુલમહોરનાં વૃક્ષો રસ્તાની વચ્ચે સલામી આપતાં ઊભાં છે. માત્ર સ્થૂળ સુંદરતાનું નિદર્શન કરતાં હોય એવાં. કોઈએ ક્ષણેક ઊભાં રહીને પણ તેની સુંદર કાયાને નિહાળવાનો આંખોને બોજ નથી આપ્યો. બસ, એટલી જ આ વૃક્ષોની નિયતિ.

સવારમાં ચાલતાં ચાલતાં ક્યારેક ક્યારેક હું વૃક્ષમેળાની સાથે કંઈક બીજું અવલોકન કરતો હોઉં છું. સાઉથ બોપલના જનોની આંખો સીધી જ રહે છે. મેં મેરુદંડ ટટ્ટાર હોવાનું સાંભળ્યું હતું, પણ કોઈની આંખો આટલી સ્થિર કેવી રીતે હોઈ શકે. ત્રાંસું જોવાની આદત વર્ષો પૂર્વે કેળવી હોવાથી ક્યારેક ક્યારેક એમનાથી જોવાઈ જાય છે, પરંતુ ઊંચે જોઈ વૃક્ષોનાં પર્ણોમાં બેસેલી અન્યમનસ્કતા દૂર કરતાં નથી. વાહનોના ચિક્કાર અવાજો વચ્ચે વૃક્ષો તો જાણે બોબડાં લાગે. કેટલાંક વૃક્ષો તો પંગુ છે. ડાળખીઓ જ્યાં ત્યાં હાડપિંજરની જેમ ખરીને પડી હોય છે. માથે પગ મૂકો તો મૃત્યુરાગ આલાપી સંદેશ પાઠવે.

તારી અનુપસ્થિતિમાં હમણાં તો વૃક્ષોના ડાઘુઓ આવ્યા હતા. એમના

ગળામાંય શ્વેત રંગનાં ફાળિયાં ઝૂલતાં હતાં. શેઠે ચિત્તમાં ડામ આપ્યા હશે તે આંખો તો લાવારસથી ભભૂકતી અને મોંમાંથી નીકળતા બીડીના ધુમાડા શિયાળાની કાતિલ સવારે છાતીને ઉષ્મા અને જીભ-હોઠ-ફેફસાંમાં રણ થઈ ગયેલી તલપને ધુમાડાની વાછટથી ભરતા હતા.

સવારમાં ઊઠીને જ્યાં જાઉં તો કુહાડના ધડધડ અવાજો કાનને વાગ્યા. કડડડકટ કરતું એક વૃક્ષ કપાયું, પછી બીજું, પછી ત્રીજું. આ તો ક્રમ ચાલ્યો. શિયાળો એટલે પવનનું જોર પણ હતું. વૃક્ષો રોષથી બરાબરનાં વરસી રહ્યાં હતાં. મેં મારી કનીનિકાઓથી જે જોયું એ જણાવું તો, ડાબી બાજુનાં વૃક્ષો જ્યારે કપાતાં હતાં ત્યારે સફલ પરિસરની સામેનાં વૃક્ષો છાજિયા લેતાં હોય એવો બિહામણો અવાજ કરતાં હતાં. નિશ્ચિત સ્થળ સુધી પહોંચી જ્યાં વળ્યો ત્યાં વૃક્ષોને ટ્રૅક્ટરમાં ભરવાનું કામ મંથર ગતિએ ચાલતું હતું. કોઈને દુઃખ નહોતું, પરિવેશને ગમગીન બનાવતાં રામ બોલો ભાઈ રામના વ્યગ્રસૂર પણ સંભળાય નહીં, ધૂપ-દીવા કર્યા નહોતા, મટકું પણ નહોતું. કોઈ અજાણી લાશને લઈ જતા હોય એમ અજાણ્યા ખાંધિયા જય શ્રીરામ કર્યા વગર ઊપડ્યા.

અહીં તો નથી જોયું, પણ કાઠિયાવાડમાં કોઈનું મરણ થાય એટલે અંતિમરથને નીકળતો જોઈ અજાણ્યું જણ પણ પગરખાં ઉતારી નાખે અને છાતી સુધી હાથ લઈ જઈ ગરદન નમાવે. પછી પાછાં પગરખાં પહેરી લે. વૃક્ષો તો ઠીક, અહીં તો મેં માણસ ગુજરી ગયા ત્યારે પણ નથી જોયું. મરણના ઉત્સવમાં સહભાગી થતાં હવે કોઈને આવડતું નથી અને જેમને આવડે છે એ છેલ્લાછેલ્લીના બચ્યા છે. સાઉથ બોપલનાં વૃક્ષોની જેમ જ!

પાછું આજે સવારે જ ગરદન ઊંચી કરતાં ધ્યાન ગયું કે પુરબહારમાં કાગડાઓ સાઉથ બોપલના મહેમાન બન્યા છે. એ અહીં જ હતા કે હમણાંથી આવ્યા છે એથી હું જ્ઞાત નથી. સાઉથ બોપલની નિઃસ્તબ્ધતામાં એમનો અવાજ અને રંગ અંધકારમાં ઘૂંટાયા કરે છે. મને રેવન યાદ આવી જાય છે. એની અસરમાંથી હું આજે પણ મુક્ત નથી થઈ શક્યો. કાગડાઓના સમૂહને જોતાં ત્યાં વૃક્ષનાં ખરી રહેલાં પાંદડાંઓની વચ્ચે એક પીંખાયેલો માળો દેખાયો અને ટાગોરની 'નષ્ટનીડ' વાર્તાનું સ્મરણ થઈ ગયું. સત્યજિતની 'ચારુલતા'

પણ એ વાર્તા પરથી જ નિર્માણ પામેલી.

મહિનાઓ પહેલાં છૂટી ગયેલા આ ઘર પાસે પરત આવી નક્કી તેઓ મારી જેમ અતીતરાગનાં જ બણગાં ફૂંકતાં હશે. એની ભાષાનું કૌવત અને અગમ્ય અર્થઘટન ન ઉકેલાય ત્યાં સુધી એ ન લખાયેલો નિબંધ પણ ચાંચથી ભેજાનું માંસ ચૂંથતો રહેવાનો, રક્તપાન કરતો રહેવાનો.

આજે મળસકે જ પીપળાના વૃક્ષે પર્ણોની મમતા ત્યજી દીધી. રસ્તો આખો ઢંકાઈ ગયો. હમણાં જ નવનિર્માણ પામેલો માર્ગ તો જાણે બીજવર બની ગયો હોય. બગાસાં ખાઈ સ્કૂલે જતાં બાળકોની પગલીઓએ એમને ઢમઢોળ્યાં, પણ પર્ણોની પ્રૌઢ ચામડી ઘોડા વેચીને ઘોરાડતી હતી. પર્ણોની કાયામાં ક્યાંક ક્યાંક કાણાં પડી ગયાં હતાં. ઉંમરના કારણે નસો મરેલા અળસિયાની જેમ સ્થિતપ્રજ્ઞ થઈ ગઈ હતી. ચિત્તને નહીં, પણ કર્ણપટલને ઇચ્છા થઈ. વળતા પરિસરની બાજુમાંથી નીકળતાં મેં હળવા પગ મૂકી એમના કાને ફૂંક મારી. પછી ઉપર જોયું. એક પાંદડું વેતાલની જેમ લટકતું હતું. થોડી ક્ષણ ઊભો રહ્યો, પણ આ વેતાલ તો ભારે જક્કી. છેલ્લા શ્વાસ સુધી લટકતા રહેવાની એની ઇચ્છાએ મારી આંખોની અગ્નિપરીક્ષા લીધી. હું નીકળી ગયો. કોઈ કામ હશે તે દસ વાગ્યે ફરી નીકળવાનું થયું. સવારમાં ધુમ્મસ અને ઠંડીનું જે કૂકર હતું એ ત્યારે તપીને તડકાની સીટીઓ મારતું હતું. અને પેલો વેતાલ ત્યાં નહોતો.